## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૫-૫-૨૦૨૨ થી તા. ૨૧-૫-૨૦૨૨

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સપ્તાહના પ્રારંભે વૃષભ રાશિમાં પ્રવેશે છે અને સપ્તાહના અંત સુધી અહીં રહે છે. મંગળ કુંભમાંથી મીનમાં તા. ૧૭મીએ પ્રવેશે છે. બુધ વૃષભ રાશિમાં વક્રી થાય છે. ગુરુ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મેષ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તુલા રાશિમાં રહે છે. તા. ૧૬મીએ વૃશ્ચિક રાશિમાં, તા. ૧૮મીએ ધનુ રાશિમાં, તા. ૨૦મીએ મકર રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીનાં કામકાજમાં પરિવર્તનો શક્ય છે. તા. ૧૬, ૧૭, ૨૦ નોકરી માટે શ્રેષ્ઠ પુરવાર થશે. તા. ૧૫મીએ સ્વસ્થતા, તા. ૧૬મીએ કુટુંબના કાયદાના પ્રશ્નમાં રાહત, તા. ૧૭મીએ જીવનસાથીનો સહયોગ, તા. ૨૦મીએ મહિલાઓ મદદનીશ પ્રાપ્ત કરે. તા. ૨૦, ૨૧મીએ વિદ્યાર્થીઓને અભ્યાસનો શ્રેષ્ઠ અનુભવ થાય.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણની તકનો અમલ થઈ શકશે. નવી નોકરીનો પ્રારંભ થાય. તા. ૧૭મીએ સહોદરો સાથેનો આર્થિક વ્યવહાર સંપન્ન થશે. તા. ૨૦, ૨૧મીએ જૂની નાણાં ઉઘરાણીની અનુકૂળતા અનુભવશો. મહિલાઓને તા. ૧૫, ૧૭, ૨૦મીએ કાર્યક્ષેત્રે સફળતા પ્રાપ્ત થતી જણાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના વાંચન, અભ્યાસના કામકાજ નિયમિતપણે જળવાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. નોકરીમાં અપેક્ષા મુજબના નિર્ણયો લઈ શકશો. તા. ૨૦મીએ કાર્યક્ષેત્રે વિશિષ્ટ સહયોગ પ્રાપ્ત કરશો. તા. ૨૧મીએ મહિલાઓના નોકરીના કામકાજમાં અનુકૂળતા રહેશે. વિદ્યાર્થીઓને તા. ૧૫, ૧૭, ૨૧મીએ અભ્યાસમાં સફળતા પ્રાપ્ત થાય.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટે અનુકૂળ તકો પ્રાપ્ત કરશો. નોકરી માટે નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. નવા કામકાજના પ્રારંભ થાય. તા. ૧૫મી, ૧૬મીએ દુકાન-વેપારની આવકની વૃદ્ધિ થશે. તા. ૧૭, ૨૦મીએ મિલકતનો નિર્ણય લઈ શકશો. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહના વાંચન અભ્યાસ નિયમિતપણે જળવાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણની તક મેળવશો. નોકરીની પ્રવૃત્તિઓમાં યશ પ્રાપ્ત કરશો. તા. ૨૦મીએ નવા કામકાજનો પ્રારંભ થાય. સપ્તાહમાં નાણાંવ્યવસ્થા અનુકૂળ બની રહેશે. મહિલાઓના આ સપ્તાહના નોકરીના તથા સ્વતંત્ર કારોબારના કામકાજ પણ શુભ પુરવાર થશે. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સ્વતંત્રપણે સફળ રહેશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. ભાગીદાર સાથેનો જૂનો મતભેદ દૂર થાય. તા. ૧૬, ૨૦, ૨૧ અર્થવ્યવસ્થા માટે શુભ પુરવાર થશે. મહિલાઓના પરિવારની જવાબદારીના કામકાજ નિયમિતપણે જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓના ધાર્યા મુજબના અધ્યયનના નિર્ણયો સમયસર સંપન્ન થશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂના રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં પરિવર્તનો તથા સફળ આયોજનો શક્ય છે. તા. ૧૭, ૧૯ સ્વતંત્રપણે કારોબારના નિર્ણયોનો અમલ સફળતાથી પૂર્ણ થતો દર્શાવે છે. તા. ૨૦મીએ જૂની નાણાં ઉઘરાણીની વસૂલી થાય. મહિલાઓના તા. ૧૫, ૧૯, ૨૦ના કામકાજ ધાર્યા મુજબના પૂર્ણ થતા જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસ એકચિત્તે સંપન્ન થશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરીમાં સહકાર્યકરો સાથેનો વિવાદ ટાળી શકશો. હસ્તગત કામકાજમાં પરિવર્તનો શક્ય જણાય છે. નવા કામકાજનો પ્રારંભ થાય. મિત્રોમાં યશસ્વીપણું અનુભવશો. નાણાંઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને અધ્યયનમાં નિયમિતતા જાળવવા સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટે અનુકૂળ તકોનો અમલ થઈ શકશે. નોકરીમાં પ્રગતિ અને યશસ્વીપણું અનુભવશો. સાહસિકતાથી નવા કામકાજ પ્રારંભી શકશો. તા. ૧૬, ૨૦, ૨૧ જૂની નાણાં ઉઘરાણી માટે અનુકૂળતા દર્શાવે છે. મહિલાઓને કુટુંબના સભ્યો પરિવારની પ્રાસંગિક જવાબદારીમાં ઉપયોગી થતાં જણાશે. વિદ્યાર્થીઓને જરૂરી સાધન સવલતો, વાંચન સાહિત્ય પ્રાપ્ત થાય.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ અને સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરીમાં સ્થાન પરિવર્તન શક્ય છે. સહોદરો સાથેના જૂનાં અધૂરા રહેલા આર્થિક વ્યવહાર સંપન્ન થશે. સંતાન પરિવારના કામકાજમાં જોડાય. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓ તા. ૧૫, ૧૭, ૨૦મીએ કાર્યક્ષેત્રે યશ પ્રાપ્ત કરશે. વિદ્યાર્થીઓને વાંચન, અભ્યાસમાં ઉત્સાહ, પ્રોત્સાહનનો અનુભવ થાય.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. નોકરીના જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરી શકશો. કુટુંબના કારોબારમાં એકવાક્યતા સંપ જળવાય, તા. ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧મી કામકાજ માટે શ્રેષ્ઠ પુરવાર થશે. સપ્તાહની નાણા આવક જળવાઈ રહેશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં સફળતા જણાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના કામકાજ અનુકૂળ બની રહેશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું લે-વેંચનું કામકાજ સફળ પુરવાર થશે. નોકરીની જવાબદારીમાં સહકાર્યકરોનો સહયોગ પ્રાપ્ત કરશો. નોકરીમાં આ સપ્તાહમાં યશ મેળવશો. પ્રવાસ દ્વારા વેપારના વિકાસના કામકાજ સફળ રહેશે. મહિલાઓને તા. ૧૬, ૧૭, ૧૯, ૨૦મીએ કાર્યક્ષેત્રે સફળતા અનુભવાય. વિદ્યાર્થીઓના અભ્યાસના કામકાજ નિયમિતપણે જળવાય રહેશે.

## (ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), રવિવાર, તા. ૧૫-૫-૨૦૨૨, શ્રી આદ્યશંકરાચાર્ય કૈલાસગમન, કુર્મ જયંતી

ભારતીય દિનાંક ૨૫, માહે વૈશાખ, શકે ૧૯૪૪

વિક્રમ સંવત ૨૦૭૮, શા. શકે ૧૯૪૪, વૈશાખ સુદ-૧૪

જૈન વીર સંવત ૨૫૪૮,માહે વૈશાખ, તિથિ સુદ-૧૪

પારસી શહેનશાહી ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૦મો દએ, સને ૧૩૯૧

પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૧

પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૧

મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૩

મીસરી રોજ ૧૪મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૩

નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૫-૩૪ સુધી, પછી વિશાખા.

ચંદ્ર તુલામાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬ અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦ સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૧ સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :

ભરતી : સવારે ક. ૧૧-૨૭, રાત્રે ક. ૨૩-૨૫

ઓટઃ સાંજે ક. ૧૭-૨૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૭ (તા. ૧૬)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૮, 'પ્રમાદી' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૪, 'શુભકૃત' નામ સંવત્સર, વૈશાખ શુક્લ - ચતુર્દશી. શ્રી આદ્યશંકરાચાર્ય કૈલાસગમન, શ્રી ઘેલારામજી જયંતી, કુર્મ જયંતી, વ્રતની પૂનમ, અન્વાધાન, અગસ્ત્ય અસ્ત, સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી બપોરે ક. ૧૨-૩૫. ભદ્રા બપોરે ક. ૧૨-૪૭થી રાત્રે ક. ૨૩-૧૯.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થસ્નાન, શ્રાદ્ધ, તર્પણ, પિતૃતર્પણ, ઋષિતર્પણ, સૂર્યતર્પણનો મહિમા, જપ-તપ દાનનો મહિમા. વાયુદેવતાનું પૂજન, ગાયત્રીમાતાનું પૂજન, જપ, હવન, રાહુદેવતાનું પૂજન, સૂર્યનારાયણનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ, હજામત, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, માલ લેવો, દુકાન-વેપાર, રત્નધારણ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નામકરણ, અન્નપ્રાશન, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુસહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસી પૂજા.

આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ બળવાન જીવનતત્ત્વ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ ભીરુ સ્વભાવના.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ. શુક્ર સૂર્યથી અત્યંત દૂર રહે છે.

ગ્રહ ગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કુંભ, વક્રી બુધ-વૃષભ, ગુરુ-મીન, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મેષ, કેતુ-તુલા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિનીઃ

### તા. ૧૫-૫-૨૦૨૨ થી તા. ૨૧-૫-૨૦૨૨

રવિવાર, વૈશાખ સુદ-૧૪, વિક્રમ સંવત ૨૦૭૮, તા. ૧૫મી મે, ઈ. સ. ૨૦૨૨. નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૫-૩૪ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી આદ્યશંકરાચાર્ય કૈલાસગમન, શ્રી ઘેલારામજી જયંતી, કુર્મ જયંતી, વ્રતની પૂનમ, અન્વાધાન, અગસ્ત્ય અસ્ત, સંક્રાંતિ પુણ્યકાળ સૂર્યોદયથી બપોરે ક. ૧૨-૩૪. ભદ્રા બપોરે ક. ૧૨-૪૫થી રાત્રે ક. ૨૩-૧૭. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, વૈશાખ સુદ-૧૫, તા. ૧૬મી, નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૩-૧૭ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સવારે ક. ૦૭-૫૩ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, વૈશાખી પૂર્ણિમા, વૈશાખસ્નાન સમાપ્તિ. બુધ પૂર્ણિમા, ગંધેશ્વરી પૂજા (બંગાળ), ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં નહીં દેખાય). વિંછુડો પ્રારંભ સવારે ક. ૦૭-૫૩. લગ્ન, સામાન્ય દિવસ.

મંગળવાર, વૈશાખ વદ-૧, તા. ૧૭મી, નક્ષત્ર અનુરાધા સવારે ક. ૧૦-૪૫ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. બીજનો ક્ષય છે. શ્રી નારદ જયંતી, વિંછુડો. મંગળ મીનમાં સવારે ક. ૦૯-૩૪. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, વૈશાખ વદ-૩, તા. ૧૮મી, નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૦૮-૦૯ સુધી, પછી મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૬ સુધી (તા. ૧૯મી), પછી પૂર્વાષાઢા. ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૦૮-૦૯ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. વિંછુડો સમાપ્તિ સવારે ક. ૦૮-૦૯, ભદ્રા બપોરે ક. ૧૩-૧૭ થી રાત્રે ક. ૨૩-૩૬. લગ્ન, ઉપનયન, વાસ્તુ, ખાત. શુભ દિવસ.

ગુરુવાર, વૈશાખ વદ-૪, તા. ૧૯મી, નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૬ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૨-૪૭. ખાત. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, વૈશાખ વદ-૫, તા. ૨૦મી, નક્ષત્ર ઉત્તરાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૧૭ સુધી (તા. ૨૧) પછી શ્રવણ. ચંદ્ર ધનુમાં સવારે ક. ૦૮-૪૪ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. શ્રી ભુવનેશ્વરી માતાનો પાટોત્સવ (ગોંડલ). ખાત, લગ્ન, ઉપનયન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

શનિવાર, વૈશાખ વદ-૬, તા. ૨૧મી, નક્ષત્ર શ્રવણ રાત્રે ક. ૨૩-૪૫ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ઘનિષ્ઠા નવકારંભ રાત્રે ક. ૨૩-૪૫થી. સૂર્ય સાયન મિથુનમાં સવારે ક. ૦૬-૫૪, ભદ્રા બપોરે ક. ૧૪-૫૯થી મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૪ (તા. ૨૨). સર્વદેવ પ્રતિષ્ઠા, લગ્ન, વાસ્તુકળશ, ખાત. શુભ દિવસ.

# મોદીના લુમ્બિની પ્રવાસ પૂર્વે સરહદ પર વધારી સુરક્ષા

મહારાજ ગંજ (ઉપ્ર)ઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નેપાળ યાત્રા પહેલા ઉત્તરપ્રદેશ પોલીસ અને સશસ્ત્ર સીમા બળ (એસએસબી) એ ભારત-નેપાળ સરહદ પર મુખ્ય રૂપે રાત્રીના સમયે થતી ઘૂસણખોરી રોકવા માટે સુરક્ષા વધારી દીધી છે.

મોદી નેપાળના વડાપ્રધાન શહેર બહાદુર, દેઉબાનાં નિમંત્રણથી બુદ્ધ પૂર્ણિમાએ ૧૬મી મેં એ નેપાળના લુમ્બિનીમાં સત્તાવાર પ્રવાસ કરશે.

એસએસબીના ગોરખપુર સેક્ટરના ઉપ મહા નિરીક્ષક મનજિત સિંહ પડડાએ કહ્યું કે, આ વિસ્તારમાં આતંકવાદીઓની કોઈ પણ હિલચાલને અટકાવવા માટે સુરક્ષા એજન્સીઓને સરહદ પાર કરતા પહેલા લોકોની ઓળખ જાણવા માટે કહેવાયું છે. નેપાળ આવનારા મુખ્ય રસ્તાઓ સિવાય એસએસબી ચોકી પર સીસીટીવી કેમેરા લગાવાયા છે,નશીલા દ્રવ્યો અને હથિયારોની તપાસ માટે તાલીમબદ્ધ સ્કવોડ અને મહિલા પાંખને પણ તહેનાત કરવામાં આવી છે.

પડડાએ કહ્યું કે, ભારત-નેપાળ સરહદે આવેલા સોનૌલી અને થુતીબારી ચેક-પોસ્ટ ઉપરાંત અન્ય ચોકીઓ પર મેટલ ડિટેક્ટર અને બેગેજ સ્કેનર લગાવાયા છે. તેમણે કહ્યું કે, મુખ્યપણે રાત્રીના સમયે થતી ઘૂસણખોરી રોકવા માટે એસએસબીએ સરહદ પર સુરક્ષા વધારી દીધી છે અને કર્મચારીઓને પેટ્રોલિંગ દરમિયાન સતર્ક રહેવા જણાવાયું છે.

ગુપ્તચરોને સરહદથી નજીકના ધાર્મિક સ્થળો પર પણ નજર રાખવા કહેવાયું છે.

પડડાએ કહ્યું કે, નેપાળને અડીને આવેલી સરહદનાં મહારાજ ગંજ,સિદ્ધાર્થનગર,અને બલરામ પૂર જિલ્લાઓમાં એસએસબી અને પોલીસને એલર્ટ કરાઈ છે.

ઉત્તરપ્રદેશ, નેપાળ સાથે ૫૯૯.૩ કિલોમિટર લાંબી ખુલ્લી સરહદ વહેંચે છે.જેમાં સાત જિલ્લાઓ પીલીભીત, લખીમપુર ખીરી, બહરાઈચ, શ્રાવસ્તી, બલરામપુર, સિદ્ધાર્થ નગર અને મહારાજ ગંજને અડકે છે (પીટીઆઈ)

# સોમવારે પૂર્ણ ચંદ્રગ્રહણઃ બ્લડમૂન ભારતમાં નહીં દેખાય

નવી દિલ્હી : બ્લડમૂન તરીકે ઓળખાતી પૂર્ણ ચંદ્રગ્રહણની અસાધારણ અને અદ્ભુત ખગોળીય ઘટના રવિવારની રાતથી સોમવારની સવાર સુધી બનશે. આ ચંદ્રગ્રહણ મુખ્યત્વે સાઉથ અને નોર્થ અમેરિકા, એન્ટાર્કટિકા, યુરોપ, આફ્રિકા અને ઇસ્ટ પૅસિફિકમાં જોવા મળશે, ભારતમાં જોવા નહીં મળે. ભારતીયો આ ખગોળીય ઘટનાને અમેરિકાના નાસા (નેશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેસ ઍડમિનિસ્ટ્રેશન)ના લાઇવ સ્ટ્રીમ પર જોઈ શકશે.

ઇસ્ટર્ન ટાઇમ પ્રમાણે રવિવાર ૧૫ મેની રાતે ૯.૩૨ વાગ્યા (ભારતીય સમય પ્રમાણે સવારે ૭.૦૨ વાગ્યાથી ) સોમવારે પરોઢ પૂર્વે ૨.૫૦ વાગ્યા (ભારતીય સમય પ્રમાણે બપોરે ૧૨.૨૦ વાગ્યા સુધી) થનારા આ ચંદ્રગ્રહણના નાસા પર જીવંત પ્રસારણની સાથે લાઇવ કોમેન્ટ્રી પણ રહેશે. લાઇવ સ્ટ્રીમિંગનો સમય ઇસ્ટર્ન ટાઇમ પ્રમાણે રવિવારે રાતે ૧૧ વાગ્યા (ભારતીય સમય સવારે ૮.૩૩ વાગ્યા)થી ૧૨ વાગ્યા (ભારતીય સમય પ્રમાણે સવારે ૯.૩૩ વાગ્યા સુધી) રહેશે. આ ગ્રહણના પૂર્ણરૂપમાં ચંદ્ર ચમકતા નારંગીથી લાલ ઈંટ જેવા ઘેરા રંગનો થતો હોય છે. તેથી તેને બ્લડમૂન પણ કહેવાય છે. આવી ઘટના દાયકાઓમાં ક્યારેક બનતી હોય છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આવું ગ્રહણ થયું ત્યારે ચંદ્ર દૃષ્ટિમાન થતો નહોતો. એ વખતે ફિલિપાઇન્સમાં માઉન્ટ પિનાટૂબો ફાટવાના થોડા વખત પછી થયું હતું. (એજન્સી)

# દેશમાં કોવિડ-૧૯ના નવા ૨૮૫૮ કેસો નોંધાયા

*નવી દિલ્હી:* ભારતમાં કોવિડ-૧૯ના નવા ૨૮૫૮ કેસો નોંધાતા કુલ કેસો વધીને ૪,૩૧,૧૯,૧૧૨ થયા છે જ્યારે એક્ટિવ કેસો ઘટીને ૧૮,૦૯૬ થયા છે એમ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. કોવિડ-૧૯થી વધુ ૧૧ લોકોના મોત થતાં કુલ મૃત્યુઆંક વધીને ૫,૨૪,૨૦૧ પર પહોંચ્યો છે. કુલ કેસોમાં એક્ટિવ કેસો ૦.૦૪ ટકા છે. રાષ્ટ્રિય પુનઃપ્રાપ્તિ દર ૯૮.૭૪ ટકા નોંધાયો હતો. દૈનિક હકારાત્મકતા દર ૦.૫૯ ટકા અને સાપ્તાહિક હકારાત્મકતા દર ૦.૬૬ ટકા નોંધાયો હતો. કોરોનામાંથી કુલ ૪,૨૫,૭૬,૮૧૫ લોકો સ્વસ્થ થઇ ચુક્યા છે. દેશમાં કોવિડ-૧૯ રસીના કુલ ૧૯૧.૧૫ કરોડ ડોઝ લોકોને આપવામાં આવ્યા છે. (પીટીઆઇ)

# સિલિગુડીમાં ૪૮ કિલો ગાંજા, ૩૪ લાખ રોકડા સાથે બે પકડાયા

સિલીગુડી (પશ્ચિમ બંગાળ)ઃ ઉત્તરીય પશ્ચિમ બંગાળના સિલિગુડીમાં ગાંજા અને મોટી માત્રામાં રોકડા સાથે બે લોકોને ઝડપી લેવાયા છે.તેમ પોલીસે શનિવારે કહ્યું હતું.

એક ખાનગી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવતા સિલિગુડી મેટ્રોપોલિટન પોલીસે શુક્રવારે માટીગાડાનાં સુકાન્તા પલ્લીમાં છાપો મારી બે શખસોને ઝડપી લીધા હતા.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ગિરફતાર લોકોમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. તેમની પાસેથી કુલ ૪૮ કિલો ગાંજો અને ૩૪.૪૦ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા.

તેમણે કહ્યું કે, કેસ નોંધાયો છે અને ષડ્યંત્રમાં શામેલ અન્યોને ઝડપી લેવા તપાસ કરાઈ રહી છે. (પીટીઆઈ)

# દિલ્હીમાં ભારે ગરમી સાથે પાણીની અછત

નવી દિલ્હીઃ કાળઝાળ સૂર્યદેવને કારણે યમુના નદી સૂકાઇ રહી છે અને દિલ્હીના અધિકારીઓની માગણીને હરિયાણા દ્વારા પ્રતિભાવ ન મળતો હોવાને કારણે પાણીની અછત સર્જાઇ છે. વઝિરાબાદ તળાવનું જળસ્તર ૬૭૦.૭ ફીટ સુધી નીચે ઊતરી ગયું છે જે આ વર્ષની સૌથી નીચલી સપાટી છે. ગયા વર્ષે તો ૧૧ જુલાઇના દિવસે પાણીનું સ્તર ૬૬૭ ફીટ સુધી નીચે ઊતરી ગયું હતું અને દિલ્હી જલ બૉર્ડે, હરિયાણા વધારાનું પાણી યમુનામાં છોડે એ માટે સુપ્રીમ કોર્ટને અપીલ કરી હતી. આ વર્ષે પણ દિલ્હી જલ બૉર્ડે ૩૦ એપ્રિલથી અત્યાર સુધીમાં ત્રણ વાર યમુનામાં પાણી છોડવા હરિયાણાને અપીલ કરી હતી. તળાવની સપાટી ઘટી ગઇ હોવાથી ૧૨૦ ક્યૂસેક જેટલું પાણી ખેંચવામાં તકલીફ પડે છે. ઉનાળામાં પાણીની જરૂરિયાત વધી ગઇ હોવાથી તકલીફમાં ઓર વધારો થયો છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે પડોશી હરિયાણા રાજ્યમાંથી અત્યાર સુધી કોઇ પ્રતિભાવ મળ્યો નથી.

# ધાર્મિક સ્થળોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે બિહારની સરકાર આકરી બની

પટણાઃ બિહારના કેટલાંક ધાર્મિક સ્થળોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓની ફરિયાદો વધતાં રાજ્ય સરકારે આકરા પગલાં લેવાની શરૂઆત કરી છે. બિહારની સરકારે ૫૩૪ એડમિનિસ્ટ્રેટિવ બ્લૉક્સના સર્કલ ઑફિસર્સને તેમના ક્ષેત્રના રજિસ્ટર્ડ અને અનરજિસ્ટર્ડ મઠ-મંદિરો તથા અન્ય ધર્મસ્થળોની વિગતો આપવા જણાવ્યું છે. એ વિગતો જિલ્લા પ્રશાસનના પોર્ટલ્સ પર અપલોડ કરવાની સૂચના આપવામાં આવી છે. બિહાર સ્ટેટ રિલિજિયસ ટ્રસ્ટ કાઉન્સિલના વરિષ્ઠ અમલદારે જણાવ્યું હતું કે સર્કલ ઑફિસર્સને અઠવાડિયામાં બે વખત તેમના કાર્યક્ષેત્રમાં ફરીને ધાર્મિક સ્થળોની માહિતી મેળવવાની કડક સૂચના અપાઈ છે. જિલ્લાઓના કલેક્ટરો ધાર્મિક સ્થળોની માહિતી પોર્ટલ્સ પર અપલોડ કરવા ઉપરાંત વિગતો રાજ્યની રિલિજિયસ ટ્રસ્ટ કાઉન્સિલને પહોંચાડશે.

બિહારની સરકારે ૨૧ જિલ્લાના કલેક્ટરો અને વહીવટી વડાઓને નોંધણી ન કરાયેલાં ૧૯૫૮ મંદિરોના વહીવટ માટે સરકારી અધિકારીઓ નિયુક્ત કરવાની સૂચના આપી છે. રાજ્યનાં મંદિરોના પૂજારીઓ અને ધાર્મિક સંસ્થાઓના મુખિયા ધર્મગુરુઓ દ્વારા નાણાકીય વ્યવહારોમાં વ્યાપક ગેરરીતિઓના અહેવાલોને પગલે રાજ્ય સરકારે ૧૯૫૮ મંદિરો રાજ્ય સરકારના હસ્તક લેવાની જોગવાઈ કરી હતી. રાજ્ય સરકારે એ મંદિરોના અખત્યારની ૨૯૭૩ એકર જમીનોના રેવન્યુ રેકૉર્ડ્સ પણ માગ્યા હતા. લોકોના બાપદાદાઓએ મંદિરોને દાનમાં આપેલી જમીનો તથા અન્ય મિલકતો એ મંદિરોના કૅરટેકર્સ વેચી નાખતા હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું છે. રાજ્ય સરકારે અધિકારના ખોટા દાવાઓથી મિલકતોના રક્ષણ માટે નવી જોગવાઈ કરી હોવાનું બિહારના કાયદા ખાતાના પ્રધાન પ્રમોદ કુમારે જણાવ્યું હતું. (એજન્સી)

### ઘઉંની નિકાસ

આવી છે તેના શિપમેન્ટને મંજૂરી આપવામાં આવી હોવાનું ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે એક નોટિફિકેશનમાં જણાવ્યું છે. વધુમાં એવી પણ સ્પષ્ટતા કરવામાં આી છે કે જે દેશોને ફૂડ સિક્યોરિટી માટે ઘઉંની આવશ્યકતા હશે અને જો તે દેશની સરકાર અરજી કરશે તો સરકાર તે દેશમાં નિકાસ માટે મંજૂરી આપશે.

વર્ષ ૨૦૨૧-૨૨માં વૈશ્વિક સ્તરે માગમાં થયેલા વધારાને પગલે ભારતની ઘઉંની નિકાસ વધીને ૭૦ લાખ ટન થઈ ગઈ છે, જેનું કુલ મૂલ્ય ૨૦૫ કરોડ ડૉલર જેટલું છે.

ડીજીએફટીએ આપેલી માહિતી મુજબ ઘઉંની કુલ નિકાસમાંથી પચાસ ટકા બંગલાદેશને કરવામાં આવી હતી.

ભારતે ગયા વરસે ૧,૩૦,૦૦૦ ટન ઘઉંની નિકાસ કરી હોવાની સરખામણીએ આ વરસના એ જ સમયગાળામાં ૯,૬૩,૦૦૦ ટન ઘઉંની નિકાસ કરી હતી.

દરમિયાન, ઘઉંની નિકાસ પર મૂકવામાં આવેલા પ્રતિબંધને મામલે કૉંગ્રેસે શનિવારે એમ કહીને સરકાર પર પ્રહાર કર્યા હતા કે આ ખેડૂતવિરોધી પગલું છે કેમ કે આ બાબત ખેડૂતોને ઘઉંનાં ઊંચા દામ મેળવવાના લાભથી વંચિત રાખે છે.

સત્તાવાર બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ સ્થાનિક સ્તરે ઘઉંના વધી રહેલા ભાવને અંકુશમાં લેવાનાં પગલાંનાં ભાગરૂપ ભારતે ઘઉંની નિકાસ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે.

### અમરનાથ યાત્રા

ફરવાની ફરજ પડી હતી.

સાત દિવસમાં આ પ્રકારની બનેલી બીજી ઘટના છે. ૪ મેએ સાંબા જિલ્લાના ચાક ફકીરા વિસ્તારમાં બીએસએફ દ્વારા અન્ડર ગ્રાઉન્ડ ટનલ શોધી કાઢવામાં આવ્યા બાદ પાકિસ્તાન તરફથી ડ્રોનની ગતિવિધિઓ વધી ગઈ છે.

દરમિયાન, બે વર્ષના સમયગાળા બાદ ૩૦ જૂનથી શરૂ થઈ રહેલી અમરનાથ યાત્રાની સુરક્ષા માટે ડ્રોન કૅમેરા, અર્ધલશ્કરી દળના ૧૨,૦૦૦ કરતા વધુ જવાનો અને સેંકડો પોલીસ કર્મચારીઓને ગોઠવી દેવામાં આવ્યા છે, એમ અધિકારીઓએ કહ્યું હતું.

દક્ષિણ કાશ્મીરમાં ૩,૮૮૮ મીટરની ઊંચાઈએ આવેલી પવિત્ર અમરનાથ ગુફાની યાત્રાની સુરક્ષાવ્યવસ્થાની કેન્દ્રના ગૃહ ખાતાના સચિવ અજય ભલ્લાએ શુક્રવારે સમીક્ષા કરી હતી.

કોરોનાની મહામારીને કારણે વર્ષ ૨૦૨૦ અને વર્ષ ૨૦૨૧માં અમરનાથ યાત્રા શરૂ નહોતી કરી શકાઈ તો વર્ષ ૨૦૧૯માં બંધારણની ૩૭૦મી કલમ રદ કરતા અગાઉ અમરનાથ યાત્રા ટૂંકાવી નાખવામાં આવી હતી.

તાજેતરના અઠવાડિયાઓમાં જમ્મુ-કાશ્મીરમાં ચોક્કસ વ્યક્તિને નિશાન બનાવી આતંકવાદીઓ દ્વારા કરવામાં આવતી હત્યાની ઘટનામાં થયેલા વધારાને કારણે અમરનાથ યાત્રા માટે મોટો પડકાર ઊભો થયો છે.

આ વરસે અમરનાથ યાત્રા ૧૧ ઑગસ્ટે પૂરી થશે અને અંદાજે ત્રણ લાખ શ્રદ્ધાળુઓ તેમાં ભાગ લે તેવી શક્યતા છે. (એજન્સી)

### ગુજરાતમાં ડ્રગ્સ

હતું. આ પાઉડરને ગાંધીનગર એફએસએલમાં ચકાસણી માટે મોકલવામાં આવ્યો હતો. તપાસ બાદ આ એનડીપીએસ હેઠળ પ્રતિબંધિત કેટામાઈન હાઈડ્રોક્લોરાઈડ હોવાનું બહાર આવ્યું હતું.

આ જથ્થાની કિંમત રૂ. ૨.૯૫ કરોડ હોવાનું અને પાર્સલ મોકલનાર પર ગુનો નોંધી વિશેષ તપાસ હાથ ધરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. કેટામાઈન મોટે ભાગે પાર્ટી ડ્રગ્સ તરીકે વાપરવામાં આવે છે. એનડીપીએસ હેઠળ આને સાઇકોટ્રોપીક સબસ્ટન્સ તરીકે ઓળખવામાં આવે છે અને સભાનતા ઓછી કરવા માટે વ્યસનીઓ આનો ઉપયોગ કરે છે. (પીટીઆઈ)

### ઉદ્ધવ

જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જીએસટીની રાજ્યોને આપવા માટેની બાકી નીકળતી રકમ અંગે બહુ નથી બોલતા. આ ઉપરાંત, વાહનોના ઈંધણના ભાવ મોટા પાયે વધારવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે મોદી મોંઘવારી અંગે પણ કંઇ બોલતા નથી. બુલેટ ટ્રેનમાં કેટલા મુંબઇગરા પ્રવાસ કરશે? બુલેટ ટ્રેન શું અમે માગી હતી?

### દેશનું અર્થતંત્ર ચિંતાજનક

ટૅક્સ (જીએસટી) લાગુ કરવાના પગલામાં ખોટ જવાની કે આર્થિક મુશ્કેલીની શક્યતાને ધ્યાનમાં રાખીને રાજ્યોને અપાતા જીએસટી કમ્પેન્સેશનની મુદત ત્રણ વર્ષ લંબાવવાની માગણી પણ ઉચ્ચારી હતી. યુક્રેન અને રશિયાની લડાઈને કારણે ફુગાવો વધ્યો હોવાના સરકારના દાવાને ચિદમ્બરમે આધારહીન ગણાવ્યા હતા.

અગાઉ, પ્રથમ દિવસે કૉંગ્રેસનાં વડાં સોનિયા ગાંધીએ પક્ષમાં તાત્કાલિક માળખાકીય સુધારા કરવા માટે અનુરોધ કર્યો હતો.

કૉંગ્રેસની અહીં શરૂ થયેલી ત્રણ દિવસની 'ચિંતન શિબિર'માં 'એક પરિવાર, એક ટિકિટ'ની ફૉર્મ્યુલા અમલમાં મૂકવા ચર્ચાવિચારણા શરૂ થઇ હતી.

સોનિયા ગાંધીએ અહીં 'નવ સંકલ્પ ચિંતન શિબિર'ના પ્રારંભમાં જણાવ્યું હતું કે પક્ષમાં 'અસામાન્ય પરિસ્થિતિમાં અસામાન્ય પગલાં' લેવાની જરૂરિયાત ઊભી થઇ છે.

સોનિયા ગાંધીએ દેશમાં લઘુમતી કોમના લોકો પર થઇ રહેલા કહેવાતા અત્યાચાર અને સરકારી સંસ્થાઓ કે યંત્રણાનો દુરુપયોગ વિપક્ષના નેતાઓને ડરાવવા - ધમકાવવા કરાતો હોવાનો વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપ કર્યો હતો અને જણાવ્યું હતું કે દેશનું કાયમી માટે ધ્રુવીકરણ કરાઇ રહ્યું છે. દેશના સમાન નાગરિકો ગણાતા લઘુમતી કોમના લોકોને હેરાન કરવામાં આવી રહ્યા છે. (એજન્સી)

### જ્ઞાનવાપીની વીડિયોગ્રાફી

સવારે ૭.૩૦ વાગ્યે કાશી વિશ્વનાથ મંદિર સંકુલના દ્વાર ક્રમાંક ચાર ખાતે સર્વેક્ષણ ટીમ અને અન્ય પક્ષકારો ભેગા થયા હતા. વીડિયોગ્રાફી માટે ખાસ કેમેરા અને લાઇટ્સની વ્યવસ્થા કરાઇ હતી.

દરમિયાન, સર્વોચ્ચ અદાલત જ્ઞાનવાપી મસ્જિદના સર્વેક્ષણને પડકારતી એક અરજીની સુનાવણી આવતા અઠવાડિયે હાથ ધરે એવી શક્યતા છે.

અગાઉ, વારાણસી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ કૌશલરાજ શર્માએ જણાવ્યું હતું કે બધા સંબંધિત પક્ષકારોની મહત્ત્વની બેઠક શુક્રવારે યોજાઇ હતી. નિમાયેલી ટીમને સહકાર આપવા તેમ જ કાયદો અને વ્યવસ્થાને જાળવવા વિનંતિ કરાઇ હતી.

મસ્જિદની વ્યવસ્થાપન સમિતિના એક સભ્યે જણાવ્યું હતું કે અમે આ કેસમાં સર્વોચ્ચ અદાલતમાંની અમારી અરજીના ચુકાદાની રાહ જોઇ રહ્યા છીએ, પરંતુ ત્યાં સુધી જિલ્લા અદાલતના આદેશ મુજબ તેની ટીમને સહકાર આપીશું.

જ્ઞાનવાપી મસ્જિદ કાશી વિશ્વનાથ મંદિરની પાસે આવેલી છે અને હિંદુ મહિલાઓના એક જૂથે આ મસ્જિદની બહારની દીવાલ પરની દેવી-દેવતાઓની મૂર્તિઓની પૂજા કરવા માટે પરવાનગી માગી હતી.

અંજુમન ઇંતેઝામિયા મસ્જિદની સમિતિના સંયુક્ત સચિવ સૈયદ મહંમદ યાસીને જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલત અમારી વિરુદ્ધ ચુકાદો આપશે, તો અમે નીચલી અદાલતના આદેશને વડી અદાલતમાં પડકારવા વિચારીએ છીએ.

અહીંની મસ્જિદની આસપાસ શુક્રવારે સઘન સલામતી વ્યવસ્થા કરાઇ હતી અને લોકો નમાજ પઢવા પણ આવ્યા હતા. (એજન્સી)

### મધ્ય પ્રદેશમાં શિકારી

પહોંચવામાં વિલંબ બદલ ગ્વાલિયર ઝોનના ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ(આઈજીપી) અનિલ શર્માની બદલી કરવા અને ગોળીબારમાં દરેક શહીદ જવાનના પરિવારોને સરકાર તરફથી એક કરોડ રૂપિયા સહાય આપવાના નિર્ણયો લેવાયા હતા.

શુક્રવારની મધરાત પછી ભોપાળથી ૧૬૦ કિલોમીટર દૂર ગુણા જિલ્લાના ગામમાં શિકારીઓ રક્ષિત પશુઓના શિકાર માટે ગયા હોવાની ખબર મળતાં પોલીસ ટીમ એ વિસ્તારમાં પહોંચી હતી. એ વખતે શિકારીઓએ પોલીસ ટીમ તરફ ગોળીબાર કર્યો હતો. પોલીસે સામે ગોળીબાર કર્યો હતો. પોલીસને નજીકના બિદોરિયા ગામ પાસેથી ગોળીબારની ઇજાઓ સાથે એક મૃતદેહ મળ્યો હતો. એ મૃત શખસ શિકારીઓમાંનો એક અને પોલીસના વળતા ગોળીબારમાં માર્યો ગયો હોવાનું મનાય છે.

નરોત્તમ મિશ્રાએ જણાવ્યું હતું કે પોલીસ ટીમે ગુણા જિલ્લાના આરોન પોલીસ સ્ટેશન નજીકના એ વિસ્તારમાં પહોંચીને શિકારીઓને ઘેરી લીધા હતા. ઘેરાયેલા શિકારીઓએ પોલીસ ટીમ પર ગોળીબાર કરવા માંડ્યો હતો. એ ગોળીબારમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર રાજકુમાર જાટવ અને બે પોલીસ કૉન્સ્ટેબલો નીલેશ ભાર્ગવ તથા શાંતારામ મીણા શહીદ થયા હતા. (એજન્સી)